ઉપર તત્ત્વબોધિની વૃત્તિ વગેરે વૃત્તિઓ રચી છે. 'નયગોચર' ભ્રમનિવારણમ્' દ્વારા નયસંબંધે બહુશ્રુત પૂર્વાચાર્ય ભગવંતોની વ્યાખ્યાનું સમુદ્‌ઘાટન અને એમાં થતા ભ્રમનું નિવારણ સુંદર રીતે કર્યું છે. ધર્મશાસ્ત્રમાં 'તત્ત્વાર્થત્રિસૂત્રિ પ્રકાશિકા' રચીને તત્ત્વજ્ઞાનની સૌરભને વ્યાપકરૂપે વિસ્તારી છે.

સાહિત્યરસિક : કવિ ધનપાલરચિત 'તિલકમંજરી' ઉપરની પરાગ ટીકા તો આચાર્યશ્રીની લબ્ધપ્રતિષ્ઠ રચના છે. હેમચંદ્રાચાર્યના સ્વોપજ્ઞ 'કાવ્યાનુશાસન' ઉપર નામક ટીકા અને 'છંદાનુશાસન' ઉપર પ્રદ્યોત નામક ટીકા તેઓશ્રીની ઊંડી સાહિત્યસૂઝની પરિચાયક છે. સ્વોપજ્ઞ દેવગુર્વાષ્ટકમાં તેમણે શ્રી નેમિનાથ ભગવાન અને શ્રી નેમિસૂરિજી આચાર્યશ્રીનું જીવન-કવન સુંદર રીતે ગૂંથ્યું છે. દ્વયર્થક આ રચનામાં તેઓશ્રીએ શબ્દલાલિત્ય અને અર્થગાંભીર્ય ઠાંસી ઠાંસીને ભર્યાં છે.

જ્ઞાન-વૈરાગ્યની સૌમ્યમૂર્તિ ; પૂજ્ય આચાર્યશ્રી જ્ઞાનગંભીર સાગરની પ્રતિભા ધરાવતા હતા, તે સાથે પ્રભાવશાળી વક્તા પણ હતા. તત્ત્વદર્શન જેવા શુષ્ક વિષયને દૃષ્ટાંતો-દલીલોથી રસાળ અને હૃદયંગમ બનાવવાની તેમની માવજત અનન્ય હતી. અનેકવિધ શાસ્ત્રોનું વિપુલ જ્ઞાન ધરાવતા હોવા છતાં તેઓશ્રી આબાલવૃદ્ધ સહુ સાથે સૌહાર્દપૂર્વક સૌમ્ય વ્યવહાર કરતા. વિશાળ શિષ્યપ્રશિષ્ય પરિવાર ધરાવતા અને પ્રલંબ દીક્ષાપર્યાયથી શાસનસેવાનાં અનેક કાર્યો કરી જનારા ગીતાર્થ આચાર્યશ્રીને કોટિ કોટિ વંદના.

( સંકલન : "જૈન"ના તા. ૧૪-૩-૯૪ના અંકમાંથી સાભાર. )

---

### સર્વસંપદાના ઋણને અદા કરવા પોતાના પરમોપકારી ગુરુદેવ પ્રત્યેનો જેમનો સમર્પણભાવ ઉચ્ચ કોટિનો હતો એવા પ્રાકૃતવિશારદ ધર્મરાજા

## પૂ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ

બહુરત્ના વસુંધરા : જગતના જીવોને અભયમાર્ગ તેમ જ મુક્તિમાર્ગદાતા શ્રી જિનેશ્વર ભગવંતના શાસનરસિક ધર્માત્માઓથી મઘમઘતું અને તે ધર્માત્માઓની જિનશાસન-પ્રભાવક અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું નગર અમદાવાદ તે ગુરુદેવ ધર્મરાજાનું જન્મસ્થાન. અમદાવાદના માણેકચોક પાસેની ખેતરપાળની પોળમાં રહેતા ફતેહચંદ મનસુખલાલ કીનખાબ-વાળાના નામથી સુપ્રસિદ્ધ કુટુંબમાં વસતાં પિતા અમીચંદભાઈ અને માતા અંબાબેનના પુત્ર રૂપે સં. ૧૯૫૭માં પોષ વદ ૧ના પવિત્ર દિને પૂ. ગુરુદેવનો જન્મ થયો હતો. તેઓશ્રીનું જન્મનામ કાંતિલાલ હતું. વિક્રમની વીસમી સદીના વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ સંઘસ્થવિર આચાર્યદેવ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ ( બાપજી મ. સા. ) પણ આ જ કુટુંબના સુપુત્ર હતા. જે કુટુંબમાં ધર્મસંસ્કારની પરંપરાની જાળવણી વડીલો સજાગ થઈ કરતા હોય

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં તેમનાં બાળકોમાં એ સંસ્કારો પ્રતિબિંબિત થતાં વાર નથી લાગતી. ધર્મસંસ્કારોને બળે તથા જન્મજન્માન્તરની કોઈ અનોખી સાધનાને જોરે કાંતિલાલનો ધર્મરાગ, વૈરાગ્યરંગ બાલ્યાવસ્થામાં જ દિન–પ્રતિદિન વૃદ્ધિ પામતો જતો હતો. રતિભાઈ, હિંમતભાઈ તથા નાનાભાઈ વગેરે કુટુંબીજનો સાથે તે સંસ્કારો વિશેષ રીતે પાંગરવા માંડ્યા. અને આ જીવન એ સાધનાની સિદ્ધિનું અણમોલ ક્ષેત્ર છે એમ દઢપણે સમજતા થયા.

પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ : પારસમણિનો સ્પર્શ તો લોહને સુવર્ણ બનાવે; પણ સત્સંગનો રંગ જીવનમાં શું પરિણામ ન લાવે? એક સુભાગી દિને પૂ. શાસનસમ્રાટશ્રી આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ–પાંજરાપોળના ઉપાશ્રયે વિરાજિત હતા. પૂજ્યશ્રીના શિષ્ય પંન્યાસશ્રી વિજ્ઞાનવિજયજી મહારાજ સાથે કાંતિલાલનો સત્સંગ ચાલ્યો. એ પવિત્ર પુરુષના સમાગમથી એમની વૈરાગ્યભાવના ઉત્કટ બનતી ચાલી. આખરે એ ભાવનાથી પ્રેરાઈને, કુટુંબીજનોની અનુમતિની ચિંતા કર્યા વગર એક ધન્ય દિને, સં. ૧૯૭૬ના ફાગણ વદ ૩ના શુભ દિને, ભવિષ્યના શાસનોદ્યોતકર બનનાર આ ચરિત્રનાયકે મારવાડના માવલી સ્ટેશન પાસે ગોધૂમ ક્ષેત્રમાં શાંતિમૂર્તિ વાત્સલ્યવારિધિ પૂ. પંન્યાસશ્રી વિજ્ઞાનવિજયજી મહારાજ પાસે, સર્પ જેમ કાંચળી ઉતારે તેમ, સંસારની માયા છોડી, મહાભિનિષ્ક્રમણના પંથે પ્રયાણ કર્યું. સંયમદાતા ગુરુદેવશ્રીએ પોતાના આ નૂતન શિષ્યને મુનિશ્રી કસ્તૂરવિજયજી નામે ઘોષિત કર્યા.

સાધનામય જીવન : ૧૯ વર્ષની ભરયુવાનીમાં સંયમ સ્વીકાર્યા બાદ, સંયમદાતા ગુરુદેવશ્રીની નિશ્રામાં જ્ઞાન–તપ–વિનય–વૈયાવચ્ચ–ભક્તિ–સ્વાધ્યાયની તીવ્રતા અને નિષ્ઠાપૂર્વક ગુરુચરણસેવાનું સુમધુર ફળ પૂ. મુનિશ્રી મેળવવા લાગ્યા. નિખાલસ વૃત્તિ, સાધનાની અત્યંત અભિલાષા, શીલ–સમતા–સ્વાધ્યાય–સંતોષ–સાદાઈ–સરળતા વગેરે સુસંસ્કારોનું સિંચન ગુરુકુળવાસમાં જ એવી રીતે થયું કે જેથી ગુર્વાદિકની કૃપાવર્ષાથી પરિપ્લાવિત થઈ ગયા. તેથી જ તો, સહજ રીતે તેઓશ્રીના જીવનમાં ગુરુભક્તિ, શ્રુતભક્તિ અને ચારિત્રભક્તિનો અલૌકિક ત્રિવેણીસંગમ બહુ અલ્પ સમયમાં જ સાકાર થયો. છેલ્લા કેટલાય દાયકાથી સુષુપ્તાવસ્થામાં રહેલી પ્રાકૃત ભાષાને ચેતનવંતી કરી પુનર્જીવન આપ્યું. અને તેઓશ્રી પ્રાકૃતવિશારદ, સાહિત્યના મર્મજ્ઞ અને આગમજ્ઞાતા બન્યા. પોતાના સુવિશાળ જ્ઞાન દ્વારા પ્રાકૃતમાં પાઈઅ વિન્નાણ કહા, પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા, સિરિજંબૂસ્વામી ચરિયં, સિરિ વિજયચંદ કેવલિ ચરિયં, આરામસોહા કહા, સિરિ ઉસહનાહચરિયં તેમ જ સંસ્કૃતમાં પંચ નમસ્કાર સ્તવવૃત્તિ, સૂર્યસહસ્રનામમાળા, ચતુર્વિંશતિ જિનસ્તવવૃત્તિ, અભિધાનચિંતામણિ કોષ, ચંદ્રોદયટીકા વગેરે અને ગુજરાતીમાં પણ શ્રાવક ધર્મવિધાન, વિનયસૌરભ, પ્રાકૃત વિજ્ઞાન કથાઓ ભાગ ૧–૨, જ્ઞાતાપુત્ર શ્રમણ ભગવાન મહાવીર વગેરે ૩૯ પુસ્તકોનું સંપાદન, સર્જન અને ભાષાન્તર કર્યું. આમ, તેઓશ્રીએ જીવનમાં પ્રાપ્ત કરેલી જ્ઞાનગંગાનો ખજાનો સંઘ–શાસનને કાયમ માટે સમર્પિત કર્યો. વધુ નોંધપાત્ર અને આશ્ચર્ય પમાડે એવી વાત તો એ છે કે તેઓશ્રીને પોતાના પ્રારંભિક મુનિજીવનમાં એક દિવસની અર્ધી ગાથા કરવામાં તનતોડ પરિશ્રમ કરવો પડતો તો ય

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નિષ્ફળતા મળતી. અને પોતાના પરમારાધ્ય પૂ. ગુરુદેવશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજના અથાગ પરિશ્રમ અને પ્રેરણાના સહારે તેઓશ્રી જ્યારે ભણવા માટે કંઈક પગભર થવા માંડ્યા ત્યારે તેમને અધ્યયન અંગે જોઈતી તમામ સામગ્રીની પ્રતિકૂળતા વેઠવાની આવી. પરંતુ ટાંચાં સાધનો અને મંદ ક્ષયોપશમ છતાં તેઓશ્રીએ જે પુરુષાર્થ કર્યો, જે કષ્ટો વેઠ્યાં તે અજોડ છે. છેવટે ધાર્યું પરિણામ નિપજાવ્યું. આ સર્વ એમના જેવા કોઈક વીરલાથી જ બને એવી વાત છે! પોતાના આ અનુભવમાંથી બોધપાઠ પામીને જ હોય તેમ, તેઓશ્રી પણ, જ્યારથી પોતે (જ્ઞાનસાધનામાં) પગભર થયા ત્યારથી માંડીને જીવનના અંતિમ શ્વાસ સુધી પોતાના સંપર્કમાં આવનાર તમામ વ્યક્તિઓને જ્ઞાનસાધના કરવાની પ્રેરણા સતત આપ્યે જતા અને એ માટે જે જીવને જે પ્રકારની સહાય અપેક્ષિત હોય તે પૂરી પાડવા પ્રયત્નશીલ રહેતા. એમનું જીવન દીવા જેવું હતું. જેમ એક દીવાથી અનેક દીવા પ્રગટી શકે, તેમ પૂજ્યશ્રીના જીવન-દૃષ્ટાંતમાંથી અનેક જીવોને પ્રેરણા મળી છે. તેમ છતાં, જીવનમાં ક્યારેય પાંડિત્ય બાબત દેખાવ કરવો, કીર્તિનામનાના મોહમાં ખેંચાવું, પોતાનો મહિમા વધારવા આડંબરો રચવાં—એ તેઓશ્રીના સ્વભાવમાં જ ન હતું. બલ્કે, શ્રુતજ્ઞાન પ્રતિ વધુ ને વધુ કૃતજ્ઞતા દાખવતા. પૂજ્યશ્રીનો આ વિશિષ્ટતમ ગુણ હતો. શ્રમણસંઘના ચિંતામણિરત્ન સમાન આ દિવ્ય વિભૂતિને પ્રવર્તક, ગણિ, પંન્યાસ, ઉપાધ્યાય અને સૂરિપદ જેવાં એક એકથી ચડિયાતાં બધાં પદો પોતાને ધન્ય બનાવવા તેમની પાસે આવ્યાં હતાં!

પૂજ્યશ્રીની પદવીઓની જેમ જ, તેમની સતત વધતી રહેલી શિષ્ય–પ્રશિષ્યોની સંપદાની વિગતો પણ સાનંદાશ્ચર્ય ઉપજાવે એવી છે. તેમણે ૬૫ ઉપરાંત શિષ્ય-પ્રશિષ્ય શાસનને ભેટ આપ્યા છે. એમાંના ૯ તો વિદ્વાન આચાર્યો છે. અને બીજા પદવીધરો પણ અનેક છે. છતાં શિષ્યમોહથી તેઓશ્રી જળકમળ જેમ અલિપ્ત રહ્યા હતા. પદવીઓની જેમ શિષ્ય-પ્રશિષ્યો પણ તેમને અનાયાસે અને આપમેળે જ આવી મળ્યા હતા, એમ લાગે છે. સતયુગના કોઈ સંતપુરુષ અહીં કળિયુગમાં ઊતરી આવ્યા હોય તેમ, નિખાલસતા, ઋજુતા અને ભદ્રિકતાને કારણે તેઓશ્રીએ સ્વ-પર સમુદાયના અનેક સૂરિવરો અને મુનિવરોનાં હૃદયમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નિરભિમાની પૂ. ધર્મરાજાનો પોતાના પરમોપકારી ગુરુદેવશ્રી પ્રત્યેનો આત્મ-સમર્પણભાવ ઉચ્ચ કોટિનો હતો. તેમની અપાર કૃપાવર્ષાને પરિણામે પ્રાપ્ત થયેલી અણમોલ સંપદાના ઋણને યત્કિંચિત્ અદા કરવાનો અનુમોદનીય પ્રયાસ કર્યો. આવી ઉત્કટ ગુરુનિષ્ઠાની ધરી ઉપર અવલંબતા સ્વાધ્યાય અને સાધનાના નૈષ્ઠિક ચક્રયુગલ પર વિશુદ્ધ સંયમનો તેજસ્વી રથ મુક્તિમાર્ગના મંગલ પથ પર દોડાવી શક્યા, એમ કહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી.

શાસનોદ્યોતક પાવન પ્રસંગો : સૂરિમંત્ર–સાધક પૂજ્યપાદ ધર્મરાજાએ વહેલી સવારે ધ્યાનના વિષયમાં સાક્ષાત્ સમવસરણસ્થ ભાવ જિનેશ્વરના દર્શન કર્યા અને આવું કોઈ પવિત્ર સ્થાન સમોવસરણ જેવું બને તેવી ઝંખના થઈ. અને તેઓશ્રીના વિનયી શિષ્ય શ્રી ચંદ્રોદય-વિજયજી (હાલ પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી) મહારાજ છેલ્લાં ૧૫ વર્ષથી ભારે જહેમત ઉઠાવી તથા પોતાના ગુરુબંધુ (સંસારી મોટાભાઈ) પૂ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજ મુહૂર્તાદિમાં સંપૂર્ણ સહકાર આપી, સમોવસરણની એ ઝંખનાને સાકાર બનાવી છે. તેમ જ બન્ને ગુરુબંધુઓએ ઉપકારી ગુરુદેવના છેલ્લાં ૩૨ વર્ષથી સતત સાન્નિધ્યમાં રહી, ગુરુભક્તિ–અનુભવજ્ઞાન આદિ ગુણો સંપાદન કર્યા છે. અને અત્યારે ગુરુભક્તિનાં મીઠાં ફળ અનુભવી રહ્યા છે. પૂ. ધર્મરાજાની પુણ્ય નિશ્રામાં મુંબઈ–માટુંગા, સુરત, ભાવનગર, સાબરમતી આદિ સ્થળોએ અંજનશલાકા ઉત્સવો ઊજવાયા છે. અને મુંબઈ–માટુંગા, ચોપાટી, પ્રાર્થના સમાજ, કુર્લા, નેમિનાથજી (પાયધુની), કોટ તેમ જ સુરત–શાહપોર, વડાચૌટા, ગોપીપુરા, છાપરીયા શેરી, દેસાઈ પોળ, કીમ, ભાવનગર–સરદારનગર, મહાવીર વિદ્યાલય તથા અમદાવાદ–સાબરમતી, સરખેજ, લીંબડી અને છેલ્લે તેઓશ્રીએ કરેલ જિનશાસન-પ્રભાવક પ્રસંગો ઉપર સુવર્ણકળશની જેમ પાલીતાણા–સિદ્ધગિરિ ઉપર નવનિર્મિત બાવન દેવકુલિકાઓથી અત્યંત શોભાયમાન જિનપ્રાસાદોમાં ૫૦૪ પ્રભુજીની પ્રતિષ્ઠા કરી. વૃદ્ધાવસ્થા હોવા છતાં દરેકે દરેક પ્રભુજીને વાસક્ષેપ કરી જીવનને ધન્યતમ બનાવ્યું. એટલે પોતે જ્યાં બિરાજમાન હોય ત્યાં સર્વત્ર ચોથો આરો પ્રવર્તતો હોય તેમ સર્વને લાગતું.

જીવનની સર્વોત્કૃષ્ટ સાધનાને સિદ્ધ કરી ચૂકેલા આ દિવ્ય વિભૂતિની સોજિત્રા મુકામે સં. ૨૦૩૨ના વૈશાખ વદ ૧૩ની સાંજે તબિયત નરમ થવા સાથે હૃદયરોગનો હુમલો થયો. મરણાસન્ન સ્થિતિની તીવ્ર અસર હોવા છતાં તેઓશ્રી પ્રસન્ન ચિત્તે વધુ ને વધુ સ્વાધ્યાયની મસ્તીમાં મહાલતા જણાતા હતા. આ સમયે સર્વ શ્રમણભગવંતો, સંઘના આગેવાનો તથા ભાવિકગણ સેવામાં ખડે પગે હાજર હતા. જ્યારે બીજી બાજુ જીવનદીપ બુઝાવાની તૈયારીમાં વધુ ને વધુ આત્મતેજ પાથરતો જતો હતો. પૂજ્યશ્રીનો 'ૐ હ્રીં અર્હં નમઃ'નો જાપ ચાલુ જ હતો. જાણે જીવનપર્યંત કરેલી ગુરુસેવા, શ્રુતોપાસના અને શાસનોપાસના જ ન હોય શું! વહેલી સવારે ૪ કલાક અને ૦૨ મિનિટે, જાણે ભૂમિતલ ઉપરનું તેમનું કાર્ય પૂર્ણ થયું હોય તેમ, સ્વર્ગે પધાર્યા. તે પહેલાં ત્રણ–સાડાત્રણ વાગે તો તેમની નિત્યક્રમાનુસાર નવકારવાળી, જાપ–ધ્યાન, જીવનમાં કરેલી યાત્રાઓનું સંસ્મરણ વગેરે આત્મરમણતાની પ્રક્રિયા ચાલુ જ હતી. જીવનની અંતિમ ક્ષણોમાં પણ સંયમ–સાધનાનો તેજ–ચળકાટ ચોમેર પ્રસરીને સૌને આંસુભીના કરી ગયો! જીવનના અંતિમ શ્વાસ સુધી આત્માના રોમે રોમ જિનશાસન અને ગુરુદેવ પ્રત્યે અતૂટ સ્નેહ; સર્વોત્કૃષ્ટ ગુણોથી સભર આરાધના એ સર્વનું પ્રેરણાપરબ બની રહે, કાયમનો જાજરમાન ઇતિહાસ બની રહે તે માટે ધર્મરાજાની ગુરુમૂર્તિ ગુરુમંદિરમાં સોજિત્રા મુકામે સકલ સંઘના દર્શનાર્થે પ્રતિષ્ઠિત કરવામાં આવી. એવા એ સિદ્ધાંતમહોદધિ, ગુણગાંભીર્યનિધિ, શ્રુતસ્થવિર કૃપાળુએ પોતાનું જીવન કૃતકૃત્ય, ધન્યાતિધન્ય બનાવી, જિનશાસનનાં અનેક પ્રભાવપૂર્ણ કાર્યોથી પોતાનું નામ જૈન શ્રમણોની પરંપરામાં તેમ જ જૈન શ્રુતસાહિત્યના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત કર્યું છે!

'હે ધર્મરાજા ગુરુદેવ પ્યારા! હો આપ નિત્યે ભવ તારનારા; કસ્તૂર સુગંધ સુવાસનાથી, આત્મા અમારો કરજો સનાથી.'

શ્ર. ૧૦

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org